**ક્રમાંક–૭**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**શુક્રવાર, તા. ૧૨મી જુલાઇ, ૨૦૧૯**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯.૩૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક–૧૩ અને શુક્રવાર, તા.૧૨મી જુલાઇ, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૨ અને ૩ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમઃ ૪થી ૩૩૨ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૦.૩૦ વાગ્યે પૂરો થયો.**

૨. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર**

(૨) ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના સન ૨૦૧૪–૨૦૧૫ અને સન ૨૦૧૫–૨૦૧૬ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન

**માનનીય રાજ્ય કક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર**

(૩) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય રાજ્ય કક્ષાના ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૪) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજયકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર**

(૫) ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડના સન ૨૦૧૬–૨૦૧૭ અને સન ૨૦૧૭–૨૦૧૮ના વાર્ષિક અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન

**માનનીય રાજયકક્ષાના વન મંત્રીશ્રી રમણભાઇ પાટકર**

(૬) ગુજરાત હાઉસિંગ બોર્ડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૭) સન ૨૦૧૪ના ગુજરાત માર્ગ વિક્રેતા (આજીવિકા સંરક્ષણ અને માર્ગ વેચાણનું વિનિયમન) અધિનિયમ અન્વયેનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં,

(૧) તા.૨૦/૧૨/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક: જીએચ/એચ/૨૦૧૬નો ૨૨૪/એનએલએમ/ ૧૦૨૦૧૬/ ૩૦૨/એચ.

(૨) તા.૦૪/૧૨/૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૨૦૧૮નો ૧૬૨/ એનએલએમ/ ૧૦૨૦૧૬/ ૩૦૨/એચ,

તેમજ ઉક્ત બંને જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

શરૂઆતમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૯-૨૦ના વર્ષ માટેના ફેરફાર કરેલા અંદાજપત્રની માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯, શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૮૯ તેમજ ક્લાઇમેટ ચેઇન્જ વિભાગને લગતી ક્લાઇમેટ ચેઇન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦૭ ક્લાઇમેટ ચેઇન્જ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અને ન્યાયતંત્રનો વહીવટને લગતી કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૬૦ કાયદા વિભાગના રાજ્યકક્ષાના માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૩૧, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૫, ૪૬, ૪૮, ૪૯, ૫૧ અને ૫૨, માગણી ક્રમાંક-૧૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪, માગણી ક્રમાંક-૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૫૫ અને ૫૬, માગણી ક્રમાંક-૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૫૮, તેમજ માગણી ક્રમાંક-૬૦ ઉપરની કાપ ખદરખાસ્ત ક્રમાંક-૫૯, ૬૦, ૬૧, ૬૩ અને ૬૪ સંબધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કિરીટકુમાર પટેલ
(૨) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૩) ડો. સી.જે.ચાવડા
(૪) ડો. આશાબેન પટેલ
(૫) શ્રી રાજેશભાઇ ગોહીલ
(૬) શ્રી પિયુષભાઇ દેસાઇ
(૭) શ્રી વિરજીભાઇ ઠુમ્મર(પ્રવચન અધૂરું)

**વિરામ સવારના ૧૧.૩૦થી ૧૨.૦૦**

વિરામ બાદ સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યું. ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રીમતી મનીષાબેન વકીલ
(૯) શ્રી શશીકાન્ત પંડ્યા
(૧૦) શ્રી ઋત્વિકભાઇ મકવાણા
(૧૧) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૧૨) શ્રી વલ્લભભાઇ કાકડીયા
(૧૩) શ્રી ભીખાભાઇ બારૈયા
(૧૪) શ્રી નૌશાદજી સોલંકી
(૧૫) શ્રી રાઘવભાઇ મકવાણા
(૧૬) શ્રી અમરીષભાઇ ડેર
(૧૭) શ્રી અનંતકુમાર પટેલ

૪. **અધ્યક્ષશ્રીની ટકોર**

માનનીય સભ્યશ્રી અનંતકુમાર પટેલ પોતાનું વકતવ્ય આપી રહ્યા હતા ત્યારે સભ્યશ્રી નરેશકુમાર પટેલે સોશિયલ મિડિયા ઉપર વિડિયો ફરતો હોવા અંગે માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ પણ જો કોઇ વિડિયો રેકોર્ડિંગ કરતું હોય તો તે અંગે કાર્યવાહી કરવાની ફરજ પડશે તેમ જણાવ્યું.

આ અંગે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે વિડિયો રેકોર્ડિંગ તથા ઓડિયો રેકોર્ડિંગ કરવાની બાબત ખૂબ જ ગંભીર છે તેમજ કોઇને બ્લેક મેઇલ કરવા માટે આવું કોઇ કરી પણ શકે તેમ હોઇ આ બાબતને ગંભીરતાથી લઇ યોગ્ય પગલાં લેવા માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ પણ આ અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે તેવી હૈયાધારણ આપી.

૫. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)(ક્રમશઃ)**

કાયદા વિભાગને લગતી માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના કાયદા મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ શિક્ષણ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અને ક્લાઇમેટ ચેન્જ વિભાગને લગતી માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૩૧, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૫, ૪૬, ૪૮, ૪૯, ૫૧ અને ૫૨, માગણી ક્રમાંક–૧૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૪, માગણી ક્રમાંક–૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૫ અને ૫૬, માગણી ક્રમાંક–૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૮, તેમજ માગણી ક્રમાંક–૬૦ ઉપરની કાપ ખદરખાસ્ત ક્રમાંક–૫૯, ૬૦, ૬૧, ૬૩ અને ૬૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૯, ૧૦, ૮૯, ૧૦૭ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૬. **અધ્યક્ષશ્રીની સૂચના**

માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની કાર્યવાહીનું વિડિયો રેકોર્ડીંગ કે ઓડિયો રેકોર્ડીંગ કરીને તેનો બહાર ઉપયોગ કરવો તે સભાગૃહના વિશેષાધિકારનો ભંગ ગણાશે અને તે માટે આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેથી આ અંગે તમામ સભ્યશ્રીઓએ ધ્યાન રાખવા સૂચના આપી.

**સભાગૃહ, સોમવાર, તા.૧૫મી જુલાઈ ૨૦૧૯ના રોજ સવારના ૧૧.૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧.૫૮ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૨મી જુલાઈ, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.